Extra No. 107

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, MAY 25, 2026 / JYAISTHA 4, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગના તારીખ: ૧૫મી એપ્રિલ, ૨૦૨૬-ના સરકારી હુકમ ક્રમાંક: જીએચ/વીએસ/૮૭/૨૦૨૬/૩૩/એ અને જીએચ/વીએસ/૮૬/૨૦૨૬/૩૩/એ:.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

ORDER

Under

The Gujarat Assembly (Speaker and Deputy Speaker) Salaries and Allowances Act, 1960

ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ હેઠળનો

હુકમ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક: જીએચ/વીએસ/૮૬/૨૦૨૬/૩૩/એ:- હાલમાં, ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦-ની કલમ ૬કક હેઠળ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ગુજરાત રાજ્યના કોઈ ભાગમાં અને ભારતના કોઈ ભાગમાં કોઈપણ રેલ્વે દ્વારા એર-કન્ડીશન્ડ ફર્સ્ટ ક્લાસ અથવા સેકન્ડ ક્લાસ દ્વારા મુસાફરી કરવા માટે હકદાર છે. આ ઉપરાંત, હવે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ વંદે ભારત એક્સપ્રેસ, તેજસ એક્સપ્રેસ, દુરંતો એક્સપ્રેસ સહિત કોઈપણ રેલવે દ્વારા એક્ઝિક્યુટિવ ક્લાસ અથવા કોઈપણ ક્લાસ(વર્ગ)માં મુસાફરી કરવા માટે પણ હકદાર રહેશે. એ પણ સ્પષ્ટ કરવામાં આવે છે કે સદરહુ હુકમની કલમ ૬કક-ના પરંતુકમાં કરવામાં આવેલી, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની મુસાફરીને લગતી અન્ય જોગવાઈઓ લાગુ પડવાનું ચાલુ રહેશે.

આ હુકમ સન ૨૦૨૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

તરૂણ શાહ,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

Gujarat Legislative Assembly (Leader of the Opposition) Salary and Allowances Act, 1979

ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ હેઠળ

હુકમ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯

ક્રમાંક : જીએચ/વીએસ/૮૭/૨૦૨૬/૩૩/એ:- હાલમાં, ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯-ની કલમ ૮ક હેઠળ વિરોધપક્ષના નેતા ગુજરાત રાજ્યના કોઈ ભાગમાં અને ભારતના કોઈ ભાગમાં કોઈપણ રેલ્વે દ્વારા એર-કન્ડીશન્ડ ફર્સ્ટ ક્લાસ અથવા સેકન્ડ ક્લાસ દ્વારા મુસાફરી કરવા માટે હકદાર છે. આ ઉપરાંત, હવે વિરોધપક્ષના નેતા વંદે ભારત એક્સપ્રેસ, તેજસ એક્સપ્રેસ, દુરંતો એક્સપ્રેસ સહિત કોઈપણ રેલવે દ્વારા એક્ઝિક્યુટિવ ક્લાસ અથવા કોઈપણ ક્લાસ (વર્ગ)માં મુસાફરી કરવા માટે પણ હકદાર રહેશે. એ પણ સ્પષ્ટ કરવામાં આવે છે કે સદરહુ અધિનિયમની કલમ ૮ક-ના પરંતુકમાં કરવામાં આવેલી, વિરોધપક્ષના નેતાની મુસાફરીને લગતી અન્ય જોગવાઈઓ લાગુ પડવાનું ચાલુ રહેશે.

આ હુકમ સન ૨૦૨૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

તરૂણ શાહ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.06.08 13:49:26 IST